# બંને હાથ નથી છતાં દારૂના 15 કેસ

**ડાંગના** પીપલપાડાના બુટલેગરને દારૂના 15મા કેસમાં જામીન આપવા કોર્ટની ના

સાપુતારાઃ ડાંગ જિલ્લાના પીપલપાડા (પીપલાઈદેવી) ગામના ગમજભાઈ જાનુભાઈ પવારના ઘરમાંથી 65,600ની કિંમતનો ઈંગ્લિશ દારૂનો જથ્થો મળી આવતા આહવા પોલીસે તેમની ધરપકડ કરી હતી. ત્યારબાદ આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માગણી કરવામાં આવતાં કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. રિમાન્ડ પૂર્ણ થયા બાદ આરોપીએ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. જામીન અરજીની સુનાવણી દરમિયાન આરોપી તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે તેમના બંને હાથ ન હોવાથી રોજિંદું જીવન જીવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જોકે, સરકાર પક્ષે સરકારી વકીલ સુરેશભાઈ કોંકણીએ જામીન અરજીનો સખત વિરોધ કર્યો હતો. સરકારી વકીલ સુરેશભાઈ કોંકણીએ કોર્ટ સમક્ષ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે આરોપી સામે અગાઉ પણ ઈંગ્લિશ દારૂ સંબંધિત આશરે 14 જેટલા કેસ નોંધાયેલા છે. આરોપીની શારીરિક સ્થિતિને ધ્યાનમાં રાખીને કોર્ટે અગાઉ અનેક વખત જામીન આપ્યા હોવા છતાં દારૂની હેરાફેરી અને વેચાણની પ્રવૃત્તિ બંધ કરવામાં આવી નથી. સરકાર પક્ષની દલીલોને ધ્યાનમાં રાખીને ન્યાયાધીશે આરોપીની જામીન અરજી અંગે નિર્ણય લેતાં તેમને 14 દિવસ માટે જેલમાં મોકલવાનો હુકમ કર્યો હતો. આમ, વારંવાર દારૂ સંબંધિત ગુનાઓમાં સંડોવણીના આક્ષેપો અને સરકાર પક્ષની રજૂઆતોને ધ્યાનમાં રાખીને કોર્ટે આરોપીને 14 દિવસ માટે જેલહવાલે કરવાનો આદેશ આપ્યો હતો.

## દારૂ ઘૂસાડવાના જુદા જુદા કીમિયા

### વાહનોમાં ગુપ્ત ખાનાં બનાવવા

ટેમ્પો, ટ્રક કે લક્ઝરી બસોની બોડીમાં એવા ગુપ્ત ખાનાં બનાવવામાં આવે છે, જે સામાન્ય નજરે કે પોલીસ તપાસમાં પકડાતા નથી. ઉપરાંત કારની ફ્લોરિંગ (તળિયું), સીટોની નીચે, સ્પેર વ્હીલ (પાણીયારા ટાયર)ની જગ્યામાં કે દરવાજાના હોલો ભાગમાં દારૂની બોટલો છુપાવવામાં આવે છે. મોટા વાહનોમાં માલસામાન ભર્યા નીચે દારૂના બોક્સ મૂકવા માટે ડબલ તળિયું કે અલગ પાર્ટીશન બનાવી દેવામાં આવે છે.

### ચીજવસ્તુઓ કે સરકારી માલની આડમાં હેરાફેરી

દૂધના ટેન્કરો, શાકભાજી કે ફળ ભરેલા વાહનો પોલીસની નજરમાં ઓછા શંકાસ્પદ લાગે છે, તેથી તેનો દુરુપયોગ કરવામાં આવે છે. ઈ-કોમર્સ કે કુરિયર કંપનીઓના બોક્સ જેવા દેખાતા પાર્સલોમાં અથવા તો ઔદ્યોગિક કેમિકલના ડ્રમ અને ખાલી કન્ટેનરોની અંદર દારૂની પેટીઓ પેક કરીને મોકલવામાં આવે છે. રેતી, કપચી, ઈંટો કે સિમેન્ટની આડમાં અથવા તો ખાલી બાંધકામ સામગ્રીના ડમ્પરમાં દારૂ છુપાવીને લાવવામાં આવે છે.

### અધતન ટેક્નોલોજી અને રેકી

દારૂ ભરેલી મુખ્ય ગાડીની આગળ એક કે બે કિલોમીટરના અંતરે એક નાની અથવા સામાન્ય કાર (પાયલોટ ગાડી) ચાલે છે, જે રસ્તામાં પોલીસ ચેકિંગ કે પોલીસ વ્હીકલની માહિતી મુખ્ય વાહનના ડ્રાઇવરને ફોન દ્વારા પહોંચાડે છે. પોલીસની મૂવમેન્ટ અને નાકાબંધી પર નજર રાખવા માટે વોકી-ટોકી કે અત્યાધુનિક મોબાઇલ એપ્સનો ઉપયોગ કરવામાં આવે છે.

### જળમાર્ગો અને નાના રસ્તાઓનો ઉપયોગ

દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો તથા નદીઓ (જેમ કે તાપી, નર્મદા કે અન્ય ખાડીઓ) અને જંગલ કે અંતરિયાળ ગ્રામ્ય માર્ગોનો ઉપયોગ કરીને રાત્રે હોડીઓ દ્વારા કે નાના વાહનોથી દારૂ ઘૂસાડવામાં આવે છે. અન્ય રાજ્યોમાંથી આવતી સરહદો પર હાઇવે સિવાયના કાચા રસ્તાઓ અને ખેતરોની વચમાંથી પસાર થતા રસ્તાઓ શોધવામાં આવે છે જ્યાં ચેકિંગ નહિવત હોય.

# કોન્સ્ટેબલ સામે પરિણીતાનું શોષણ, ગર્ભપાત કરાવ્યાના ગંભીર આક્ષેપ

**સગીરાની** AI તસવીરો વાયરલ કરવાની ધમકીનો પણ ઉલ્લેખ, દાગીના-મકાનના દસ્તાવેજો પચાવી પાડ્યાનો આરોપ

**નવસારી** જિલ્લા પોલીસ વડાને ફરિયાદ

નવસારીઃ નવસારી ટાઉન પોલીસ સ્ટેશનના એક કોન્સ્ટેબલ સામે પરિણીતાના કથિત શારીરિક શોષણ, ગર્ભપાત કરાવવા તથા સોનાના દાગીના અને મકાનના અસલ દસ્તાવેજો પચાવી પાડવા સહિતના ગંભીર આક્ષેપો સાથે એક વયોવૃદ્ધ મહિલાએ જિલ્લા પોલીસ વડાને લેખિત ફરિયાદ કરી છે. ફરિયાદમાં સગીર પૌત્રીની તસવીરોને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) મારફતે અશ્લીલ સ્વરૂપ આપી સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપ્યાનો પણ આરોપ મૂકવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, કોરોનાકાળ દરમિયાન પરિવાર આર્થિક સંકડામણમાં મુકાયો હતો. આ પરિસ્થિતિમાં ઊંચા વ્યાજે નાણાં આપવાના બહાને પરિણીતાનો સંપર્ક કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. ત્યારબાદ દેવાની રકમ ૩.૨૦ લાખ દર્શાવી મકાનના અસલ દસ્તાવેજો અને સોનાના દાગીના પચાવી પાડવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. પરિવારને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને પરિણીતાને તેના પતિથી અલગ કર્યાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે.

વધુમાં, કોન્સ્ટેબલ પરિણીતાને હોટલો અને પોતાના ફ્લેટ પર લઈ જઈ તેનું શારીરિક શોષણ કરતો હોવાનો આક્ષેપ કરાયો છે. ત્યારબાદ પરિણીતાને ગર્ભ રહેતાં નવસારીની પાટીલ ક્લિનિકના ડોક્ટરની મદદથી ગર્ભપાત કરાવવામાં આવ્યો હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, સગીર પૌત્રીની તસવીરોને AIથી અશ્લીલ સ્વરૂપ આપી સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપીને માનસિક ત્રાસ આપવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. ફરિયાદી મહિલાએ આ સમગ્ર પરિસ્થિતિને કારણે પોતે ભારે માનસિક વ્યથા અનુભવી રહી હોવાનું રજૂઆતમાં જણાવ્યું છે.

મહિલાએ જિલ્લા પોલીસ વડા ઉપરાંત રાજ્યના ગૃહમંત્રી અને મુખ્યમંત્રી કચેરીને પણ ફરિયાદની નકલો મોકલી છે. સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, રજૂ કરાયેલા પુરાવાની ચકાસણી થાય અને આક્ષેપો પુરવાર થાય તો જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## આંતલીયા કાવેરી નદી કાંઠે ડમ્પિંગ સાઇટ પર ભેદી આગ




બીલીમોરા નજીક આંતલીયા ગામે કાવેરી નદી કાંઠે ડમ્પિંગ સાઇટ ઉપર ગુરુવાર સવારે ભેદી સંજોગોમાં આગ લાગી હતી. રોજિંદા કચરાને કાવેરી નદી સ્મશાન ભૂમિ સ્થિત ડમ્પિંગ સાઇટ ઉપર નાખવામાં આવે છે. વૈજ્ઞાનિક ઢબે કચરાના નિકાલનો દૂર દૂર સુધી અમલ દેખાતો નથી. નિયમોનો છેદ ઉડાડી કચરાનો નિકાલ કરાઇ રહ્યો હોવાની ચર્ચા જાગી છે. આ ડમ્પિંગ સાઈટ ઉપર ગુરુવારે સવારે આગને કારણે ધુમાડાના ગોટેગોટા ઉઠ્યા હતા. જે નજીકના વિસ્તારમાં પ્રસરી જતાં શાળાના બાળકો, ગ્રામજનો, વાહન ચાલકો, રાહદારીઓએ આંખોમાં બળતરા અનુભવ્યા હતા. સોલિડ વેસ્ટ કચરાના નિકાલ અંગે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પણ સમયબદ્ધ પગલાં ભરે એ જરૂરી છે. બીલીમોરા નગરપાલિકા ફાયર ફાયટરોએ બે કલાકની ભારે જહેમત બાદ આગ ઉપર કાબૂ મેળવ્યો હતો.

# વાંસદાના રૂપવેલમાં પ્રેમસંબંધમાં યુવકે ઝેરી દવા પી લેતાં મોત

**હોસ્પિટલમાં** સારવાર દરમિયાન 23 વર્ષીય યુવકે દમ તોડ્યો

વાંસદાઃ વાંસદાના રૂપવેલમાં પ્રેમસંબંધમાં એક યુવકે ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ વાંસદા તાલુકાના રૂપવેલ ગામના રાયાવાડી ફળિયામાં રહેતો હિમાંશુ અનિલભાઈ પટેલ (ઉં.વ.૨૩) પોતાના માતા-પિતા સાથે રહી ખેતીકામમાં પરિવારને મદદરૂપ થતો હતો. ધોરણ-૧૨ સુધી અભ્યાસ કરનાર હિમાંશુના હજુ લગ્ન થયા નહોતા. હિમાંશુ ગત શુક્રવારે પોતાના ઘર પાસે આવેલા ખેતરમાં કચરાના નાશ માટે ઉપયોગમાં લેવાતી ઝેરી દવા પી લીધી હતી. જેથી તેને તાત્કાલિક વાંસદાના રાણી ફળિયા ખાતે હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. મંગળવારે હિમાંશુને વધુ સારવાર માટે ધરમપુર ખાતે આવેલી એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જોકે, ચાર દિવસ સુધી મોત સામે જંગ લડ્યા બાદ આખરે ગુરૂવારે ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પરિવારજનોને જાણવા મળેલી હકીકત મુજબ, હિમાંશુને તાલુકાની એક છોકરી સાથે પ્રેમસંબંધ હતો. આ પ્રેમસંબંધમાં નાસીપાસ થઈ તેણે ખેતરમાં ઉપયોગમાં લેવાતી ઝેરી દવા પી લીધી હોવાનું પરિવારજનોનું માનવું છે. યુવાન પુત્રના મોતના સમાચારથી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. ઘટનાને પગલે પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. આ બનાવ અંગે મૃતકના મોટા ભાઈ મયંક પટેલે વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# ડાંગ સહિત સમગ્ર ગુજરાતમાં વનકર્મીઓ હડતાળના માર્ગે

**પડતર** પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો ૨૮ ઓક્ટોબરથી અનિશ્ચિતકાળની હડતાળની ચીમકી

સાપુતારાઃ ગુજરાત રાજ્ય વનરક્ષક કર્મચારી મંડળ દ્વારા વનરક્ષક અને વનપાલ કર્મચારીઓના લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નોનું નિરાકરણ લાવવાની માંગ સાથે રાજ્યવ્યાપી આંદોલનનો માર્ગ અપનાવવામાં આવ્યો છે. આ આંદોલનના ભાગરૂપે ડાંગ જિલ્લા વનરક્ષક કર્મચારી મંડળ દ્વારા ઉત્તર ડાંગ અને દક્ષિણ ડાંગના નાયબ વન સંરક્ષકને આવેદનપત્ર પાઠવી પેનડાઉન, માસ સીએલ અને અનિશ્ચિતકાળની હડતાળનો કાર્યક્રમ જાહેર કરાયો છે.

મંડળના જણાવ્યા અનુસાર, જુલાઈ મહિનાથી ગાંધીચિંધ્યા માર્ગે આંદોલનની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ સહિતના પ્રતીકાત્મક કાર્યક્રમો યોજવામાં આવ્યા હોવા છતાં માંગણીઓ સંતોષવામાં ન આવતાં હવે આંદોલનને વધુ ઉગ્ર બનાવવાનો નિર્ણય લેવાયો છે. વનકર્મી મંડળે પોતાની મુખ્ય માંગણીઓમાં જોખમી પરિસ્થિતિઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને રિસ્ક એલાઉન્સ અથવા જાહેર સુરક્ષા ભથ્થું આપવાની માંગ કરી છે. આ ઉપરાંત રજા પગારની ગણતરી બેઝિક પગાર, મોંઘવારી ભથ્થું (DA) અને સંબંધિત ભથ્થાઓના આધારે કરવા તેમજ ૪૮ દિવસની મર્યાદા દૂર કરીને વાસ્તવમાં ફરજ બજાવેલા દિવસો મુજબ રજા પગાર ચૂકવવાની માંગ ઉઠાવવામાં આવી છે. મંડળે વનપાલ અને રેન્જ ફોરેસ્ટ ઓફિસરની ખાલી જગ્યાઓ ફરી શરૂ કરવા, સંબંધિત મહેકમમાં વધારો કરી કર્મચારીઓના રેશિયોમાં સુધારો કરવા તથા વનપાલની સીધી ભરતી બંધ કરવા અંગે પણ રજૂઆત કરી છે. સાથે જ વનરક્ષક કર્મચારીઓના ગ્રેડ-પેમાં રહેલી વિસંગતતા દૂર કરવા અને વર્ષોથી પડતર જિલ્લા ફેરબદલીના પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ લાવવાની માંગ કરવામાં આવી છે. તબક્કાવાર વિરોધ કાર્યક્રમ મુજબ ૨૩ ઓક્ટોબરે તમામ ઓનલાઇન કામગીરી બંધ કરી વોટ્સએપ ગ્રુપમાંથી બહાર નીકળવાનો કાર્યક્રમ, ૨૬ ઓક્ટોબે પેનડાઉન કાર્યક્રમ, ૨૭ ઓક્ટોબરથી માસ સીએલ (સામૂહિક કેઝ્યુઅલ લીવ, ૨૮ ઓક્ટોબરથી અનિશ્ચિતકાળની હડતાળ. વનકર્મીઓની હડતાળને પગલે ડાંગ સહિત સમગ્ર ગુજરાતમાં વન સંરક્ષણ, વન સંવર્ધન અને વન્યજીવોની સુરક્ષા સંબંધિત કામગીરી પર અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

# નવસારી કૃષિ વિભાગમાં અધિકારીઓની બદલી, તુરંત હાજર થવા આદેશ

**જિલ્લા** ખેતીવાડી અધિકારી તરીકે મુકેશકુમાર પટેલને જવાબદારી, અતુલ ગજેરા સુરત જશે

નવસારીઃ નવસારી જિલ્લામાં ફરજ બજાવતા વર્ગ-૧ના અધિકારીઓની આંતરિક તેમજ આંતરજિલ્લા બદલી કરવામાં આવી છે. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા જાહેર હિતમાં લેવાયેલા આ નિર્ણયથી જિલ્લાના ખેતીવાડી તંત્રના કેટલાક મહત્ત્વના હોદ્દાઓ પર નવા અધિકારીઓની નિમણૂકનો માર્ગ મોકળો થયો છે.

બદલીના આદેશ મુજબ, નવસારી જિ.પં.ના. ખેતીવાડી અધિકારી અતુલ આર. ગજેરાને સુરત ખાતે નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) તરીકે મૂકવામાં આવ્યા છે. બીજી તરફ, સુરત જિ.પં.ના ખેતીવાડી અધિકારી મુકેશકુમાર એમ. પટેલને નવસારી જિલ્લા પંચાયતના જિલ્લા ખેતીવાડી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિમણૂકથી નવસારીના જિલ્લા ખેતીવાડી અધિકારીની જવાબદારીમાં ફેરફાર થયો છે.

નવસારીના તાલીમ વિભાગમાં પણ બદલાવ કરવામાં આવ્યો છે. અહીં નાયબ ખેતી નિયામક (તાલીમ) તરીકે કાર્યરત સતીષકુમાર કે. ઢીમરને ભરૂચ જિલ્લા પંચાયતના જિલ્લા ખેતીવાડી અધિકારી તરીકે નવી જવાબદારી સોંપવામાં આવી છે. તેમના સ્થાને ખેડા જિલ્લાના ઠાસરા ખાતે ફરજ બજાવતા ચંદ્રકાંત આર. પટેલને નવસારીના નાયબ ખેતી નિયામક (તાલીમ) તરીકે નિયુક્ત કરાયા છે. આ ઉપરાંત, નવસારીમાં નાયબ ખેતી નિયામક (એગ્રો) તરીકે ફરજ બજાવતા નિલેષકુમાર હરિલાલ ગામીતને બારડોલી-સુરત ખાતે નાયબ ખેતી નિયામક (તાલીમ) તરીકે બદલી કરવામાં આવી છે. અધિકારીઓને નવી નિમણૂકના સ્થળે તાત્કાલિક હાજર થવા આદેશ આપવામાં આવ્યો છે.

# ગલકુંડ-આહવા હાઈવે પર કામગીરી સામે સવાલો

**પાણીની** લાઇન નાંખતા ભવિષ્યમાં રસ્તો પહોળો કરવામાં અવરોધરૂપ બને તો જવાબદાર કોણ?

સાપુતારાઃ ડાંગ જિલ્લામાં ગલકુંડ-આહવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર માર્ગની બાજુમાં પાણીની લાઈન નાંખવાની કામગીરીને લઈને આયોજન સામે અનેક સવાલો ઊભા થયા છે. માર્ગની સમાંતર ખોદકામ કરી પાઈપલાઈન નાંખવામાં આવી રહી છે, ત્યારે ભવિષ્યમાં આ જ માર્ગને પહોળો કરવાની કામગીરી હાથ ધરવામાં આવે તો આ પાઈપલાઈન અવરોધરૂપ બનશે કે કેમ, તે અંગે ગંભીર પ્રશ્ન ઊભો થયો છે.

રાષ્ટ્રીય ધોરીમાર્ગની બાજુમાં પાઈપલાઈન નાંખવાની કામગીરી દરમિયાન વરસાદી પાણીના કુદરતી વહેણ અને નિકાલની વ્યવસ્થાને પૂરતું ધ્યાન આપવામાં આવ્યું છે કે કેમ, તે પણ મહત્ત્વનો પ્રશ્ન છે. ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થાય અને પાણી માર્ગ પર ફરી વળે તો વાહનચાલકોની મુશ્કેલી વધવાની સાથે માર્ગને નુકસાન થવાની શક્યતા પણ નકારી શકાય તેમ નથી. જો ભવિષ્યમાં ગલકુંડ-આહવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પહોળો કરવાની કામગીરી હાથ ધરવામાં આવે અને હાલ નાંખવામાં આવતી પાઈપલાઈન રસ્તાની પહોળાઈ, સાઈડ ડ્રેનેજ અથવા અન્ય બાંધકામમાં અવરોધરૂપ બને, તો પાઈપલાઈન ખસેડવાનો વધારાનો ખર્ચ ઊભો થઈ શકે છે. કામગીરી માટે મંજૂર નકશો કોણે તૈયાર કર્યો? માર્ગ પહોળો કરવાની સંભાવનાનો વિચાર કરવામાં આવ્યો હતો કે કેમ? જેવા સવાલો ઊઠી રહ્યા છે.

# જમીન વિવાદના કેસમાં ગુજરાત હાઈકોર્ટની રાહત: બિલ્ડર મહેશભાઈ સાંગાણીની ધરપકડ સહિતનાં કડક પગલાં પર રોક

**જલાલપોર** પોલીસ સ્ટેશનની FIR રદ કરવાની અરજી પર સુનાવણી દરમિયાન વચગાળાનો આદેશ; આગામી સુનાવણી સુધી પોલીસને કડક કાર્યવાહી નહીં કરવા નિર્દેશ

નવસારીઃ ગુજરાત હાઈકોર્ટે જલાલપોર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર નં. ૧૧૮૨૨૦૧૫૨૬૧૧૬૫/૨૦૨૬ ના કામે જમીન વિવાદના એક કેસમાં મહત્વનો વચગાળાનો આદેશ આપીને અરજદાર મહેશભાઈ જયંતીભાઈ સાંગાણી વિરુદ્ધ આગામી સુનાવણી સુધી ધરપકડ સહિતના કોઈ પણ કડક પગલાં ન લેવા પોલીસ તંત્રને મનાઈહુકમ ફરમાવ્યો છે

હાઈકોર્ટના માનનીય જસ્ટિસ એમ. આર. મેંગડેની અદાલતમાં જલાલપોર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર નં. ૧૧૮૨૨૦૧૫૨૬૧૧૬૫/૨૦૨૬ કે જેમાં ઇન્ડિયન પીનલ કોડની કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૬૯, ૪૭૧, ૧૧૪, ૩૪, ૧૨૦(બી) અને ૧૭૭ હેઠળ મહેશભાઈ જયંતીભાઈ સાંગાણી વિગેરે વિરુદ્ધ ગુનો નોંધવામાં આવેલ છે, તે એફઆઈઆર રદ કરવા અંગે દાખલ થયેલી ક્વાશિંગ પિટિશનની સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને જે સુનાવણી દરમિયાન અરજદાર તરફે એવી રજૂઆત કરી હતી કે, જમીનના મૂળ માલિક ચીમનલાલ કરશનજીનું વર્ષ ૧૯૯૯માં જ અવસાન થયું હોવા છતાં, કથિત બનાવટી પાવરના આધારે મુખ્ય સહ-આરોપી મુકેશે જમીનના ચોક્કસ સર્વે નંબર વાળી જમીન પોતાના નામે ખરીદ કરી લીધેલ હતી અને તેઓની પાસેથી અરજદાર મહેશભાઈ સાંગાણીએ તો માત્ર તે સહ-આરોપી મુકેશ પાસેથી તમામ ટાઈટલોની ચકાસણી કરી સરકારી કાયદાનું પાલન કરીને, કાયદેસરના રજિસ્ટર્ડ સેલ ડીડ (દસ્તાવેજ) અને અવેજ ચૂકવીને આ જમીન ખરીદી હોવાથી તેઓ કાયદાની દ્રષ્ટિએ શુદ્ધ બુદ્ધિથી ખરીદી કરનાર સાબિત થાય છે અને તેમનો આ ગુનામાં કોઈ સીધો રોલ કે ગુનાહિત આશય નથી, હાઈકોર્ટે બન્ને પક્ષોની દલીલો તેમજ કાનૂની પાસાઓની ગંભીરતાપૂર્વક નોંધ લઈને આદેશ કર્યો છે કે જલાલપોર પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અમલદારશ્રી દ્વારા ચાલી રહેલી તપાસના સંદર્ભમાં, કેસની આગામી સુનાવણી સુધી અરજદાર મહેશભાઈ સાંગાણી વિરુદ્ધ ધરપકડ કે અન્ય કોઈ પણ પ્રકારના કડક પગલાં ભરી શકાશે નહીં.

## નવસારીમાં ચપ્પુ સાથે જાહેરમાં ફરતાં ચાર પોલીસની ઝપટે

નવસારીઃ નવસારી ટાઉન પોલીસે રૂસ્તમવાડી વિસ્તારમાં આવેલા શિવ મંદિર નજીક જાહેર માર્ગ પર હિતેશભાઈ રમેશભાઈ રાઠોડ (ઉં.વ.૩૬, રહે., રિંગ રોડ) અને તુષારભાઈ રણજીતભાઈ પટેલ (ઉં.વ.૪૦, રહે., વિરાટ એપાર્ટમેન્ટ, અંબિકા ચોક) શંકાસ્પદ રીતે ચપ્પુ સાથે ફરતા મળી આવ્યા હતા. તેમની પાસેથી આશરે આઠ ઈંચ લાંબાઈનાં ધારદાર સ્ટીલનાં ચપ્પાં મળી આવ્યાં હતાં. બીજી તરફ, તીઘરા નવી વસાહત નજીકના જાહેર માર્ગ પરથી શુભમ ઉર્ફે શુગમ દેવરાજભાઈ ભૈયા (ઉં.વ.૨૦) અને ફૈઝલ મુન્નાફાખાન પઠાણ (ઉં.વ.૨૦) પણ સ્ટીલના હાથા અને પાનાવાળાં ચપ્પુ સાથે ઝડપી ગુનો નોંધી હથિયારો જપ્ત કર્યાં છે.











## ટાઈટલ અંગેની નોટીસ

આથી જાહેર જનતા ને આ નોટીસ આપી જણાવવાનું કે જીલ્લો નવસારી તાલુકો જલાલપોર ના મોજે અલુરા ગામ ના રેવન્યુ રેકર્ડ દફતરે ચાલી આવેલ જુની શરત ની સત્તાપ્રકાર વાળી ખેતી પિયત જમીન જેનો ખાતા નંબર-૨૩૬, જેનો નવો બ્લોક નંબર- ૧૧૦ (જુનો-૮૪) જેનું કુલ ક્ષેત્રફળ સુમારે ૧-૫૦-૩૯ હે.આરે.ચો.મી. તથા ખાતા નંબર-૨૨૩, જેનો નવો બ્લોક નંબર- ૧૧૨ (જુનો-૮૬) જેનું કુલ ક્ષેત્રફળ સુમારે ૦-૭૭-૧૨ હે.આરે.ચો.મી. થી નોંધાયેલ અને રેકર્ડ દફતરે ચાલી આવેલ જમીન વાલાભાઈ ડાહ્યાભાઈ પટેલ જાતના હિન્દુ-કોળીપટેલ, ઉ.વ.આ. ૮૫, ધંધો-નિવૃત, મુળ રહેવાસી- મીરજાપોર, તા. જલાલપોર, જી. નવસારી, હાલ રહેવાસી- 6 GROVE CRESCENT KINGSBURY LONDON NW9 OLP વિગેરે ના નામે સંયુકતપણા માં કબજા ભોગવટા ની ચાલી આવેલ હોય, સદર મિલકત માં કોઈ નો ટાઈટલ અંગે નો વાંધો, હક્ક, હિસ્સો, લાગભાગ, દર, દાવો, તર-તકરાર, હિત સબંધ કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હક્ક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનું લેણું બાકી હોય તો નીચેના સરનામે રૂબરૂ આવી કે લેખિત માં દિન-૭ માં પુરાવા સહિત જાણ કરવી, જો તેમ કરવા માં કસુર થશે તો આ નોટીસ ની મુદત વિત્યે સદર જમીન માં કોઈ વ્યક્તિ કે સંસ્થા ના કોઈ પણ જાત નો હક્ક હિસ્સો કે લેણું બાકી નથી અને હોય તો જતો કરેલ છે યાને કે વેવ કરેલ છે એમ માની હમારા અસીલ સદરહું જમીન ના પાકા દસ્તાવેજો કરી આપશે અને ત્યાર બાદ કોઈપણ વ્યક્તિ કે સંસ્થાની કોઈપણ જાત ની તર-તકરાર ચાલશે નહિ અને તેવા વ્યક્તિઓ ને કોઈપણ જાત ના હક્ક પ્રાપ્ત થશે નહિ જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અસીલ મજકુરની સુચના અને ફરમાઈશ અન્વયે,
મારી મારફત,

નિલેશ એસ પટેલ (એડવોકેટ) મો. નં. 9727289145
વિપુલ ટી પટેલ (એડવોકેટ) મો. નં. 9313121896
તા. ૨૨-૧૦-૨૦૨૬
ઓફિસ: મામલતદાર કચેરી-ગણદેવીની બાજુમાં, રહેજ, તા. ગણદેવી, જી. નવસારી.